सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૧૮/૦૬/૨૦૨૫ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૧૮/૦૬/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ. | ૦૩/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો :– | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૯ | ૧૬ |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**ફો.રીવીઝન.અ.નં.૭૫/૨૦૨૫**

**આંકઃ–૯**

**અરજદાર** (૧) એચ.ડી.એફ.સી. બેંક લી.
એચ.ડી.એફ.સી. બેંક, સેનાપતિ બપતમાર્ગ,
લોઅર પાર્લે, મુંબઈ–૪૦૦૦૧૩.
બ્રાન્ચ ઓફિસઃ–
એચ.ડી.એફ.સી. બેંક લી.
શીવસિંગપુરા શાખા, પીપરાલી રોડ, સીકર,
રાજસ્થાન તેના અધિકૃત અધિકારી
નવિન ચૌધરી,
ઉ.વ.૩૭, ધંધો.નોકરી.

**વિ રૂ દ્ધ**

**સામાવાળા** (૧) ધી સ્ટેટ ઓફ ગુજરાત
(૨) અનિલકુમાર દશરથભાઇ ચૌધરી,
તા.વાંગલા, તા.ઉંઝા, જી.મહેસાણા

---

| | |
|---|---|
| અરજદાર તરફે :- | વિદ્વાન વકીલ શ્રી. જી.ડી. નાણાવટી |
| સામાવાળા નં.૧ તરફે :- | વિદ્વાન સરકારી વકીલ શ્રી પી.કે. દવે |
| સામાવાળા નં.૨ તરફે :- | વિદ્વાન વકીલ શ્રી. એલ.પી.જૈન |

---

**બાબત–** મુદ્દામાલ અરજી લગત કરેલ હુકમ સામે રીવીજન અરજ

**-// ઠરાવ//-**

(૧) અરજદારે ફોજદારી પરચુ. અરજ નં.૭૪૯/૨૦૨૩ ના કામે ટ્રાયલ કોર્ટ કરવામાં આવેલા હુકમથી નારાજ થઈ હાલની રીવીજન અરજ ગુજારેલ છે જેની વિગતો ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદારના વિધ્વાન વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલો સાંભળી. તેઓની મૌખિક દલીલોનો મુખ્ય સારાંશ એવો છે કે, ફોજદારી પરચુ.અ.નંબર ૭૪૯/૨૦૨૩ ના કામે કોર્ટ દ્વારા અરજદાર બેંકમાં જમા રકમ ચૂકવવા માટે જે આદેશ કરવામાં આવેલો છે પરંતુ તે જ ખાતામાંની રકમ અલગ અલગ સંસ્થાઓ દ્વારા ફ્રીઝ કરવા માટેની જે તે સમયની રજુઆતો છે અને તે તમામ અલગ અલગ સરકારી ખાતાની ઈન્કવાયરી અને હુકમો છે તેથી જો ટ્રાયલ કોર્ટનો હુકમ માનવામાં આવે તો અન્ય તપાસની વિગતોના આદેશનુ ઉલંઘન થાય છે અને અન્ય તપાસના આદેશોનુ પાલન કરવામાં આવે છે તો ટ્રાયલ કોર્ટના હુકમનો ઉલંઘન થાય છે જેથી વિશિષ્ટ પરિસ્થિતિ ઉપસ્થિત થયેલી છે. જેથી ટ્રાયલ કોર્ટના હુકમમાં જરૂરી સુધારો કરી આપવા ન્યાયના હિતમાં યોગ્ય કરવા દલીલ કરેલી છે.

(૩) આ કામે સામાવાળા નં.૧ સરકાર તરફે વિ.વ.શ્રીની

લંબાણપૂર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની મૌખીક દલીલોનો મુખ્ય સારાંશ એવો છે કે, અરજદાર ટ્રાયલ કોર્ટના હુકમની કાયદેસરતાને પડકારતા નથી તેથી ટ્રાયલ કોર્ટના હુકમનુ પાલન અરજદાર બેન્ક કરે તે રીતે ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા દલીલ કરેલ છે.

(૪) આ કામે સામાવાળા નં.૨ તરફે વિ.વ.શ્રીની લંબાણપૂર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની મૌખીક દલીલોનો મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલો છે તે હુકમના આધારે આ બેંકમાંથી રૂ.૯,૬૨,૮૨૯/- મેળવવાના બાકી છે. જેથી ટ્રાયલ કોર્ટના હુકમનું પાલન બેંકે કરવું ફરજીયાત છે અને હુકમનું પાલન ન કરે તો બેંકની સામે કાયદેસરના પગલાં ભરવા પડે. બેન્ક વ્યાજબી કારણ વગર હુકમનુ પાલન કરવા માંગતી નથી તેથી અરજદારની હાલની રીવીઝન અરજી નામંજુર( રદ્દ ) કરવા દલીલ કરેલી છે.

(૫) આ કામે અરજદાર તરફે રજુ કરવામાં આવેલ કાગળોની વિગતો વંચાણે લીધી.

(૬) ઉપરોકત હકીકતે હાલની રીવીજન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દાઃ-**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે ફો.પ.અ.નં.૭૪૯/૨૦૨૩ના કામે મુળ અરજદારની અરજી મંજુર કરતો ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદા વિરૂધ્ધનો, ગેરકાયદેસરનો, અસ્પષ્ટ, હસ્તક્ષેપને પાત્ર તેમજ રદ્દ થવાને પાત્ર છે?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છેઃ–

૧. મુદ્દા નં.૧ અંશતઃ હકારમાં.

૨. મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટે મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

–// કારણો //–

**મુદ્દા નં.૧ઃ–**

(૮) આ કામે ટ્રાયલ કોર્ટે ફો.પ.અ.નં.૭૪૯/૨૦૨૩ ના સામે જે હુકમ કરેલો છે તે હુકમની વિગત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે અને **રીવીઝન અરજીના કામે જે રજુઆત કરવામાં આવેલી છે તે સવિષેશ ધ્યાને લેવામાં આવે તો રીવીઝન અરજીના પેરા–૪ માં સદરહુ બેન્કમા આ ખાતુ અલગ અલગ ઓથોરીટી દ્બારા આ રકમ ફ્રીઝ કરવા માટે જણાવવામાં આવેલું છે. તે સંજોગોમાં જો અરજદાર બેંક ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ રકમ ચૂકવી દે છે તો અન્ય તપાસ સંદર્ભે જે તાકીદ/ સુચના/હુકમ બેંકને કરવામાં આવેલ છે તેનો ભંગ થાય છે અને તેમાં બેંકની દિવાની જવાબદારી તેમજ કેટલાક કિસ્સાઓમાં ગુનાહિત જવાબદારી ઉપસ્થિત થતી હોવાનું જણાય છે**.

ટ્રાયલ કોર્ટે મુળ અરજદારને વચગાળાની કસ્ટડીમાં રકમ ચૂકવવાનો આદેશ કરેલો છે અને તેથી ન્યાયનુ હિત જળવાય અને નિર્દોષ વ્યક્તિ કે સંસ્થાની કોઈ ગુનાહિત જવાબદારી ઉપસ્થિત ન થાય તે બાબતને ધ્યાને લઈ ટ્રાયલ કોર્ટના હુકમમાં અંશતઃ ફેરફાર કરવો જરૂરી જણાય છે. તેથી અરજદારની રીવીઝન અરજીના પેરા–૪ માં નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવીને રજુ કરે અને ત્યારબાદ તે રકમ બેન્ક

મુળ અરજદારને ચૂકવી દે તો ન્યાયનો હેતુ પાર પડે તેમ છે. જેથી તમામ બાબતો ધ્યાને લઈ અરજદારની હાલની રીવીઝન અરજી અંશતઃ મંજુર થવા પાત્ર છે તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

આથી અરજદારની હાલની રીવીઝન અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

આથી ફો.પ.અ.નં.૭૪૯/૨૦૨૩ ના કામે ત્રીજા એડી. ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ મહેસાણા નાઓના તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજના હુકમમાં અંશતઃ સુધારો કરી રીવીઝન અરજીના પેરા-૪ માં જે વિગતો જણાવવામાં આવેલી છે તે વ્યક્તિ/સંસ્થા પાસેથી મુળ અરજદાર અનિલકુમાર દશરથભાઇ ચૌધરીનાએ જરૂરી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવી, એચ.ડી.એફ.સી. બેન્ક લિમિટેડમાં રજુ કરેથી, બેન્કે જરૂરી રકમની ચુકવણી કોર્ટના હુકમ મુજબ કરવી તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની એક નકલ ફો.પ.અ.નં.૭૪૯/૨૦૨૩ ના કામે રેકર્ડ સાથે બાંધવા માટે મોકલી આપવી.

આ હુકમ આજરોજ તા.૩ માહે-એપ્રીલ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૦૩/૦૪/૨૦૨૬ (એમ.એફ.ખત્રી)

સ્થળ - મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ ,

મહેસાણા.

જીજે૦૦૬૯૧